# રેનબસેરાની વ્યવસ્થાના અભાવે શહેરમાં સળગતી ગંદકીની સમસ્યા

## દાયકાઓના અંતે પણ યોજનાનો અમલ ન થતા નાગરિકોને ગૂંગળામણ : શ્રમિકો પણ બેહાલ

ગાંધીનગર, તા.૧૬

શહેરમાં દાયકાઓના અંતે પણ રેનબસેરાની યોજનાનો અમલ ન થતા ઝૂંપડા અને ગંદકીનો પ્રશ્ન આમ નાગરિકો માટે માથના દુખાવા રૂપ બન્યો હોવાનો આક્રોશ શહેર વસાહત મહામંડળે વ્યકત કર્યો છે. દેશના મોટાભાગના વિકસિત શહેરોમાં ઉપલબ્ધ આ વ્યવસ્થા સંદર્ભે ગ્રાન્ટના અંતે પણ આખી કાર્યયોજના અધ્ધરતાલ હોવાની દયનીય સ્થિતિ ઉદભવી છે.

સમગ્ર રાજયમાં નિર્મળનગરના સંદેશા સાથે સ્વચ્છતાની સુફીયાણી વાતોના ઢોલ પિટાઈ રહ્યા છે. તેવા પાટનગરના પ્રવેશદ્વારને અડીને આવેલા નવવિકસિત વિસ્તારમાં જ સ્થાનિક રહીશો અસહ્ય ગંદકી વચ્ચે ગુંગળામણ અનુભવી રહ્યા છે. શહેરમાં મજુરી કામ અર્તે આવતા શ્રમિકો માટે કોઈ વ્યવસ્થા ન હોવાથી જાહેરમાં શૌચક્રિયાએ જતા ગંદકીની વિકરાળ સમસ્યાએ આમ નાગરિકોમાં પ્રબળ રોષ જન્માવ્યો છે. અસ્થાયી ઠેકેદારો દ્વારા શહેરમાં લવાતા શ્રમિકો પણ અધ્ધરતાલ હાલતમાં છે. શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બૂચે આ અંગે રજૂઆતમાં જણાવ્યા અનુસાર ગંદકી અટકાવવા અને બિનઆરોગ્યપ્રદ વાતાવરણથી બચવા હવે રેનબસેરાની વ્યવસ્થા ઉભી કરવાનો સમય પાકી ગયો છે. આ મામલે મહામંડળના મયુર વ્યાસ, અમરીષ ઓઝા, કશ્યપ મહેતા તેમજ કાળુભાઈ દેસાઈ સહિતના સભ્યોએ માર્ગ-મકાન મંત્રીને રેનબસેરાની વ્યવસ્થા ગોઠવવા ત્વરિત પગલા લેવા રજૂઆત કરી છે.



ગાંધીનગરના સેક્ટર-૨૩ ખાતે આવેલા શિવશક્તિ મંદિરનો ૧૩મો પાટોત્સવ ગત રોજ યોજાયો હતો. જેમાં નગરજનોએ ખાસ હાજરી આપી પાટોત્સવ મનાવ્યો હતો. શિવશક્તિ મંદિરના પાટોત્સવના પ્રારંભે શોભાયાત્રા કાઢવામાં આવી હતી. બ્રહ્મ સમાજના સહમંત્રી પરેશભાઈ દવેનાં ઘરે દરેક ભાવિ ભક્તોને અલ્પાહાર કરાવવામાં આવ્યો હતો. પાટોત્સવ પ્રસંગે ધજારોહણનો કાર્યક્રમ શક્તિ મોટર્સ સેક્ટર-૨૩ તરફથી રાખવામાં આવ્યો હતો. શિવ શક્તિ મંદિરના હવનમાં ૨૦૦૦ થી ૨૫૦૦ જેટલા ભાવિક ભક્તો ઉમટી પડ્યા હતા અને શ્રીફળ હોમી ભક્તિ ને પ્રસાદ વહેંચ્યો હતો. રાત્રે ૮ કલાકે ભાવનાબહેન ગોકલાણીનો આનંદનો ગરબો રાખવામાં આવ્યો હતો.

# જર્મીના વિજ્ઞાનીઓએ ત્રિસ્તરીય સોલાર પેનલ વિકસાવી

## ફોટોવોલ્ટેઈક પેનલથી વીજ ઉત્પાદનમાં નોંધપાત્ર વધારો થાય છે

ગાંધીનગર, તા.૧૬

ગુજરાત એનર્જી એન્ડ રિસર્ચ મેનેજમેન્ટ ઈન્સ્ટિટયૂટ-જર્મીના વિજ્ઞાનીઓએ ઓછી જગ્યામાં વધુ વિજળીનું ઉત્પાદન કરી શકે તેવી ત્રિસ્તરીય સોલાર પેનલ વિકસાવી છે.

ગુજરાત એનર્જી એન્ડ રિસર્ચ મેનેજમેન્ટ ઈન્સ્ટિટયૂટ-જર્મીના વિજ્ઞાની પ્રજ્ઞા શર્મા અને પ્રોફેસર ટી. હરિનારાયણે આ સંશોધન કર્યું છે. ગુજરાતમાં અને દેશમાં શહેરી વિસ્તારોમાં જમીનના ભાવ ખૂબ જ વધી ગયા હોવાથી અને સોલાર પાવર જનરેટ કરવા માટે વધુ જમીનની જરૂર પડતી હોવાથી તેમણે ઓછી જમીનમાં વધુ વીજળીનું ઉત્પાદન કરી શકાય તે માટે સંશોધન કર્યું છે. તેમના આ સંશોધનની વિગતો એનર્જી, એન્જિનિયરીંગ એન્ડ એન્વાર્યમેન્ટ નામના આંતરરાષ્ટ્રીય જર્નલમાં પ્રકાશિત પણ કરવામાં આવી છે.

આ માટે તેમણે સોલાર પેનલ ગોઠવવાનું એક મોડલ તૈયાર કર્યું હતું. અમદાવાદ અને ગાંધીનગરમાં ૭૫૬ ચોરસ મીટર વિસ્તારમાં સિંગલ સોલાર પેનલ ગોઠવી હતી. આ સિંગલ પેનલની મદદથી એક દિવસમાં ૨૫૨ કિલોવોટ વીજળીનું ઉત્પાદન કરી શકાયું હતું. ત્યારબાદ ૭૬ ચોરસ મીટરમાં વિસ્તારમાં જ ડબલ સોલાર પેનલ ગોઠવીને થતાં વીજળીના ઉત્પાદન કરવાનો અંદાજ કાઢયો હતો. ડબલ સોલાર પેનલ મૂકવાથી વીજ ઉત્પાદન વધીને ૪૫૨ કિલોવોટ થયું હતું. બે સોલાર પેનલ વચ્ચે ૧૦ મીટરનું અંતર રાખવામાં આવ્યું હતું. ફોટોવોલ્ટેઈક પેનલ વચ્ચે રાખવામાં આવતા અંતરના પ્રમાણ પર વીજ ઉત્પાદનમાં વધઘટ થતી હોવાનું જોવા મળે છે. શહેરી વિસ્તારોમાં જમીનના ભાવ વધી રહ્યા હોવાથી શહેરી વિસ્તારોમાં સોલાર પાવર જનરેટ કરવા માટે આ શોધ મહત્વની સાબિત થઈ શકે છે. એકની ઉપર એક એમ બે સોલાર પેનલ ગોઠવવાને કારણે સૌર ઊર્જાથી વીજ ઉત્પાદનમાં ૭૦થી ૭૫ ટકાનો વધારો થતો હોવાનું જોવા મળી રહ્યું છે.

હવે વિશ્વમાં પારદર્શક ફોટોવોલ્ટેઈક સોલાર પેનલ તૈયાર થઈ રહી છે. તેને કારણે સૌર ઊર્જાનો ઉપયોગ કરીને વધુ પ્રમાણમાં વીજળી પેદા કરી શકાશે. મકાનોના ધાબા પર આ પ્રકારની પેનલો ગોઠવીને વીજ ઉત્પાદન કરી શકાય છે. નાના પાયે દરેક ઘરમાં વીજળી પેદા કરી શકાશે.

# ચૌધરી વિદ્યાલયની મહિલા હૉકીની ટીમ રાજયકક્ષાએ પસંદગી પામી

ગાંધીનગર તા. ૧૬

શ્રી જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયની વિદ્યાર્થીની બહેનો હૉકી સ્પર્ધા અન્ડર-૧૭ તથા અન્ડર-૧૯ મહિલા હૉકી સ્પર્ધામાં જિલ્લા કક્ષાએ પ્રથમ સ્થાને આવે છે. અન્ડર-૧૭ ટીમની ૧૧ ખેલાડીઓ તથા મહિલા હૉકીના તમામ ખેલાડીઓ રાજયકક્ષામાં પસંદ પામેલ છે.

અન્ડર-૧૭માં હૉકી સ્પર્ધા નવીમાં નિધિ પટેલ, કોમલ ચૌધરી, હિમા વાઘેલા, માનસી વાઘેલા,કાજલ ચૌધરી, પ્રિયંકા પ્રજાપતિ, ધરા પરિઘ, ક્રિષ્ના પ્રજાપતિ, કોમલ ચૌધરી, જીનલ શ્રીમાળી, ચક્ષુ પંડ્યા, તમામ બહેનો ધોરણ-૯ની છે. અન્ડર-૧૯ ઠાકોર અલકા, મેસરીયા જયશ્રી, ગઢવી નેહલ, ભગોરા પાર્વતી, હેમાંગીની સોલંકી, સમીરા જૈન, અંકિતા ગાંધી, રીયા દેસાઈ, જલક ગોહિલ, બિન્દુ ચૌધરી, દર્શના ચૌધરી

આચાર્યા સંતોકબેન ચૌધરીએ ખેલાડીઓ તથા કોચ મિનાક્ષીબેન સુતરિયાને અભિનંદન પાઠવ્યા હતા.

# દશામા યુવક મંડળ ૧૯મીથી દશામા વ્રત ઉજવશે

ગાંધીનગર તા. ૧૬

દર વર્ષની જેમ આ વર્ષ પણ સેકટર-૨૪ દશામા યુવક મંડળ તરફથી ગાંધીનગર સેકટર-૨૪જ-૧, બ્લોક નં.-૪ પાસે દશામાના મંદિરે દશામા વ્રત નિમિત્તે દશ દિવસો સુધી એટલે કે તા. ૧૯ જુલાઈ થી ૨૮મી જુલાઈ સુધી રાત્રે માતાજીના ગરબાનું આયોજન કરવામાં આવેલ છે. દશામા વ્રત જાગરણ નિમિત્તે સેકટર-૨૪, ગાંધીનગર મેના કલાવૃંદના રાસગરબાનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે. દશામા યુવક મંડળના પ્રમુખ રમેશભાઈ સી. પરમારે જણાવેલ છે.

# પાલજ ગામના રબારી વાસના રહીશો ચોમાસામાં રસ્તાથી ત્રસ્ત

પાલજ, તા.૧૫

પાટનગરથી ફકત ૬ કિ.મી.ના અંતરે આવેલા પાલજ ગામના ગાંધીનગર મહાનરપાલિકામાં સમાવિષ્ટ રબારીવાસમાં છેલ્લા કેટલાક વર્ષોથી ચોમાસામાં આવવા જવા માટે રસ્તાનો પ્રશ્ન ઊભો થાય છે. રબારીવાસમાં ચાલુ વર્ષે આરસીસી રોડ ગટર લાઈનના કારણે ખોદેલો છે અને કાચો રસ્તો સામાન્ય વરસાદથી બંધ થઈ ગયો છે જેથી અવરજવર માટે સ્થાનિકજનોને ભારે હાલાકી ભોગવવી પડે છે.

પાલજના રબારીવાસમાં આવવા જવાના બે રસ્તા છે. એક કાચો રસ્તો અને બીજો આરસીસી રોડ છે. ચાલુ વર્ષે આરસીસી રોડ ગટર લાઈનના કામકાજને લીધે ખોદી કાઢવામાં આવ્યો છે અને કાચો રસ્તો થોડા વરસાદના પાણીથી કાદવ કીચડવાળો થઈ ગયો છે. લગભગ બંધ જેવી હાલતમાં છે. સ્થાનિકજનોને આવવા જવામાં તકલીફ પડે છે. રબારીવાસમાં ૫૦૦ માણસો રહે છે. વૃદ્ધો-બાળકોને દવાખાને, સ્કૂલે જવા તકલીફ પડે છે. ગટર લાઈનના કામકાજના કારણે ખોદી કાઢેલો રસ્તો બરાબર પુરાયો નથી. જેથી ચાલતા અંદર જતા રહેવાનો ડર રહે છે. બાળકો સ્કૂલે જવાનું ટાળે છે. વૃદ્ધો દવાખાને જતા તકલીફ અનુભવે છે. શ્વાસની તકલીફવાળાને ઉંચા કરીને લઈ જવા પડે છે.

સરકાર દ્વારા આ બાબતે યોગ્ય નિર્ણય લેવામાં નહીં આવે તો સ્થાનિકજનોએ ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની અને ચૂંટણીનો બહિષ્કાર કરવાની તૈયારી બતાવી છે.

# પ્રકૃતિ સદ્ભાવના પરિવારે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજયો

ગાંધીનગર, તા.૧૬

પ્રકૃતિ સદ્ભાવના પરિવાર સેક્ટર-૨૭ તરફથી સંજયભારતી ગોસ્વામીના વરદ્ હસ્તે તાજેતરમાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો અને આગામી સમય સુધીમાં ૫૦૦ વૃક્ષો ટી-ગાર્ડ સાથે વાવવાનો લક્ષ રાખ્યો છે.

સ્થાનિક વસાહતીઓને વૃક્ષ પ્રત્યે પ્રોત્સાહિત કરી પ્રકૃતિ સદભાવના પરિવારના પ્રમુખ અશ્વિનગીરી ગોસ્વામી તથા રાજુભાઈ રાજગોરે ટી-ગાર્ડ સાથે વૃક્ષનું જતન થાય તેવા પ્રયત્નો કર્યા હતા. વૃક્ષારોપણના આ કાર્યક્રમમાં કોર્પોરેટર દેવેન્દ્રસિંહ ચાવડા, જાગૃતિબેન પુરોહિત, સરકારી વકીલ હિતેશભાઈ રાવલ, વસાહત મંડળ સેકટર-૨૭ના પ્રમુખ જયંતિભાઈ પટેલ, કેપિટલ ઓફસેટના માલિક રમેશભાઈ પટેલ, બાબુસિંહ વાઘેલા, જનકભાઈ મહેતા, અંબાલાલ ચૌધરી તથા સૌ વસાહતી ભાઈઓ હાજર રહ્યા હતાં.

# આજે ગ્રીન સિટીમાં સુંદરકાંડના પાઠ યોજાશે

ગાંધીનગર, તા. ૧૬

સંજયભારતી ગોસ્વામીના જન્મ દિવસ નિમિત્તે આજે તા. ૧૭મી જુલાઈ-૨૦૧૨ને મંગળવારે રાત્રે ૮ કલાકે ગ્રીનસીટી, સાંઈધામ, હનુમાનજી મંદિર પાસે, સેક્ટર-૨૬, ગાંધીનગર ખાતે સુંદરકાંડના પાઠ યોજાશે. યુવા કથાકાર સંજયભારતી ગોસ્વામીની વ્યાસપીઠે યોજાનાર સુંદરકાંડના સંગીતમય પાઠમાં સૌ ભક્તોને સાંઈધામ તરફથી ખાસ નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે. કળિયુગના ચિરંજીવી દેવ હનુમાનજી મહારાજની આરાધના, ઉપાસના અને સાધનાનો સુંદર અવસર સુંદરકાંડના પાઠમાં ભાગ લેવાથી મળે છે.

# મહિલા મોરચાની વૉર્ડ-૧૦માં ટિફિન બેઠક

ગાંધીનગર મનપાના વોર્ડ નં. ૧૦ના મહિલા મોરચાની ટિફિન બેઠક તાજેતરમાં યોજાઈ ગઈ. સંગઠ્ઠનપર્વ, આગામી દિવસોમાં આવી રહેલા કાર્યક્રમો અંગે આગામી વિધાનસભાની ચૂંટણીની સંપર્ક યાત્રા લઈ વિસ્તૃત ચર્ચા વિચારણા કરાઈ હતી. કાઉન્સીલર શ્રીમતિ પરાગી પંડ્યા, ભારતીબેન શુકલા, સાધનાબેન પટેલ, સુમિત્રાબેન ભાવસાર, ભારતીબેન પંચાલ, દિપ્તીબેન પરમાર, કુન્દનબેન જાની, જયશ્રીબેન, ઉષાબેન પંચાલ સહિત બહેનો જોડાઈ હતી.

# ડભોડામાં જુગાર રમતા આઠ જુગારીયાઓ ઝડપાયા

ગાંધીનગર નજીક ડભોડા ગામની સીમમાં વિરાતલાવડી પાસે ખુલ્લામાં કેટલાક ઈસમો ગંજીપાનાનો જુગાર રમતા હોવાની બાતમીના આધારે ડભોડા પોલીસે બાતમી સ્થળે દરોડો પાડ્યો હતો અને ૮ જુગારીઓને રંગેહાથ જુગાર સાહિત્ય સાથે ઝડપી પાડી તેમની પાસેથી કુલ રૂ. ૮૯૩૯૦નો મુદ્દામાલ કબજે કરી પી.એસ. આઈ. એચ. કે સોલંકીએ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

શ્રાવણ મહિનાના પ્રારંભને હજુ તો બે દિવસની વાર છે તેમ છતા જુગાર રસીયાઓએ અત્યારથી બોર્ડ જમાવવાનું શરૂ કરી દીધુ છે. તો બીજી તરફ પોલીસે પણ જુગારીયાઓને ઝડપવા કમર કસી છે. ગાંધીનગર નજીક ડભોડા ગામની સીમમાં વિરાતલાવડી પાસે ખુલ્લા કેટલાક જુગારીઓ ગંજીપાનાનો જુગાર રમતા હતા જેની જાણ ડભોડા પોલીસને થતા પોલીસે બાતમી સ્થળે રેડ કરી હતી અને જુગાર રમતા જયેશ દેવા ભરવાડ, દિપક રામી, સુરેશ બાબુભાઈ ભરવાડ, મુકેશ રમણભાઈ સોની, ચિરાગ સુરેશભાઈ દરજી, મહેન્દ્રસિંહ ગુલાબસિંહ ઝાલા, ગંભીરસિંહ હિંમતસિંહ ગઢવી અને પરષોત્તમ ચેલાજી તમામ રહે. નરોડા અમદાવાદને રંગેહાથ જુગાર સાહિત્ય અને રોકડ સાથે ઝડપી પાડ્યા હતા અને તેમની પાસેથી કુલ ૮૯૩૯૦નો મુદ્દામાલ કબજે કરી પી.એસ.આઈ. એચ. કે. સોલંકીએ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# અમારી દીકરી અમારે માટે બેસ્ટ ઑફ ધ બેસ્ટ છે

## સૅક્ટર-૨૧માં વસતા અમીબેન-સંજયભાઈ વાંકાણી પોતાની દીકરીને લક્ષ્મીનો અવતાર ગણે છે

'દીકરી એ તો વટવૃક્ષ છે, જે પોતાના પ્રેમની છાયામાં માતા-પિતા અને શ્વસૂર પક્ષને સમાવી લે છે.' દીકરીની મહત્તા ગાતાં આ શબ્દો છે અમીબેન વાંકાણીના, જે શહેરનાં જાણીતા નૃત્યાંગના, કલાગુરુ છે અને ચીનાર નામની એક વ્હાલસોયી દીકરીનાં માતા પણ.

એમના પતિ સંજયભાઈની લાગણી પણ દીકરી માટે આવી જ છે. એ તો ગર્વથી સૌને કહે છે કે 'લક્ષ્મીનો અવતાર અમારે ઘેર અવતર્યો છે.'



અમરેલીના બાબરામાં જન્મેલા સંજયભાઈ અને વલ્લભીપુરમાં જન્મેલા અમીબેનનાં લગ્ન ૧૯૯૫માં થયાં. અમીબેન ૧૫ વર્ષથી ભરતનાટ્યમ્‌ના કલાગુરુ છે અને સંજયભાઈને ક્રિકેટ રમવાનો શૉખ છે. જિલ્લા કક્ષાની ક્રિકેટ ટુર્નામૅન્ટમાં તેઓ રમે છે અને ઑલ ઈન્ડિયા સિવિલ સર્વિસ ટુર્નામેન્ટ દરમ્યાન ટીમના વાઈસ કૅપ્ટન પણ રહી ચૂક્યા છે. ઑલ રાઉન્ડર ક્રિકેટર તરીકે તેમણે ઘણીવાર મેન ઓફ ધ મેચ અને મૅન ઓફ ધ સિરીઝના ખિતાબ મેળવેલા છે. તેઓ માર્ગ અને મકાન વિભાગના કર્મચારી છે.

એમની વ્હાલસોયી દીકરી ચીનાર હાલ સૅન્ટ ઝેવિયર્સ સ્કૂલમાં ૮મા ધોરણમાં અભ્યાસ કરી રહી છે. એ પિઝા અને પાસ્તાની શૉખીન છે. માતા-પિતા બંનેના ગુણો એણે પોતાનામાં આત્મસાત કર્યા છે એ નાતે ગરબામાં અનેક ઈનામો જીતી છે અને ક્રિકેટ, ચિત્રકલા, ગાયકીની પણ શૉખીન છે. નહેરૂ યુવા કેન્દ્ર, ગાંધીનગર કલ્ચરલ ફોરમ, સૌરાષ્ટ્ર કચ્છ મિત્ર મંડળ જેવી અનેક સંસ્થાઓના પ્રતિષ્ઠિત કાર્યક્રમોમાં એણે પોતાની નૃત્ય પ્રતિભા પ્રદર્શિત કરી છે અને પ્રશસ્તિ મેળવી છે. એણે પણ

**સંબંધ સજાવે જિંદગી**

**દીકરી વ્હાલનો દરિયો**

- કુંતલ નિમાવત

gsrelation@yahoo.com

પોતાનાં માતાની જેમ ભરતનાટ્યમ્‌માં નિપુણતા પ્રાપ્ત કરી લીધી છે.

લગ્નજીવનની શરૂઆતથી જ સંજયભાઈનો આગ્રહ દીકરી માટેનો જ હતો. એમનું દ્રઢપણે માનવું હતું કે ઘેર દીકરીનો જ જન્મ થવો જોઈએ. કારણ કે દીકરી પિતાને ખૂબ વ્હાલ કરે છે. થયું પણ એવું. એમને ઘેર દીકરીનો જ જન્મ થયો. એટલા ખુશ થયા એ કે એમણે દીકરીના જન્મ નિમિત્તે સ્નેહીઓ-સંબંધીઓને પેંડા વહેંચ્યા અને સૌને ખુશી-ખુશી કહ્યું કે 'લક્ષ્મીનો અવતાર અમારે ઘેર અવતર્યો છે.'

પાંચ વર્ષની વયે ચીનારે પ્રથમ વખત નૃત્યની પ્રસ્તુતિ કરી ત્યારે એની પ્રતિભાનો પરચો પોતાને મળી ગયો હતો એમ સ્વીકારતાં સંજયભાઈની આંખોમાં હર્ષનાં આંસૂ આવી ગયાં હતાં. આટલી નાની ઉંમરે જે દીકરી માતા-પિતાનું નામ રોશન કરી શકે એ ભવિષ્યમાં માતા-પિતાને કેવુંક સન્માન અપાવશે ? એ વિચારીને એમનું હૈયું ભરાઈ આવ્યું. દીકરીની પ્રગતિથી એ ખુશ છે અને એને જે ગમે તે કરવા દેવું જોઈએ એવું પોતે માને છે અને એ પ્રમાણે વર્તે પણ છે. પૂર્ણપણે ખીલેલી દીકરી મોસાળ અને શ્વસૂર પક્ષ બંનેને દીપાવે છે એવો એમનો મત છે.

અમીબેનનું માનવું છે કે દીકરી એ માતાની સારામાં સારી મિત્ર બને છે. કમ સે કમ એમનો પોતાનો અનુભવ તો એવો છે જ. એમની દીકરી એમના પડછાયા જેવી છે. 'એકલા દીકરાથી વંશ ન ચાલે, વંશ ચલાવવા માટે દીકરી પણ જોઈએ. અને આમ પણ સંતાનોને સંસ્કાર અને શિક્ષણ મા જ આપે છે, એટલે સમાજમાં દીકરીનું મહત્ત્વ ઓછું ન હોવું જોઈએ. મા જ પોતાનાં સંતાનોને યોગ્ય દિશા ને માર્ગદર્શન આપી શકે છે', એવું અમીબેનનું માનવું છે. એ જણાવે છે, 'દીકરી એ પાવન જીવ છે જે માતા-પિતાની વેદનાને સમજી શકે છે. આજની દીકરી કોઈપણ ક્ષેત્રમાં, કોઈનાથી પણ પાછી પડે એવી નથી. મારી દીકરી તો એવી છે જ. અમારે માટે અમારી દીકરી બેસ્ટ ઑફ ધી બેસ્ટ છે. અને આવી દીકરી અમને આપવા બદલ અમે હંમેશા ભગવાનનો આભાર માનીએ છીએ, માનતા રહીશું. થેંક્યુ ગૉડ !'

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૦૪
સૂર્યાસ્ત : ૭.૨૭

## તાપમાન

મહત્તમ : ૩૨.૫ ડિ.સે.
લઘુત્તમ : ૨૭.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૭૮ ટકા ● સાંજે ૭૬ ટકા

## મનોરંજન

### સિટી પલ્સ

: સ્ક્રીન-૧ :
કૉકટેલ : ૧૧.૦૦, ૧.૪૫, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :
કૉકટેલ : ૧૦.૦૦
બોલ બચ્ચન : ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૧૦.૧૫

: સ્ક્રીન-૩ :
કૉકટેલ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

: સ્ક્રીન-૪ :
બોલ બચ્ચન : ૨.૧૫, ૫.૦૦, ૭.૪૫, ૧૦.૩૦

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
કેવી રીતે જઈશ : ૯.૪૫
કૉકટેલ : ૧૨.૩૦, ૬.૩૦, ૯.૩૦
ધ અમેઝીંગ સ્પાઈડરમેન -૩ડી(હિન્દી) : ૩.૩૦

: સ્ક્રીન-૨ :
બોલ બચ્ચન : ૧૦.૦૦,૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૩ :
કૉકટેલ : ૧૦.૧૫,૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

: સ્ક્રીન-૪ :
કૉકટેલ : ૯.૦૦, ૩.૦૦
બોલ બચ્ચન : ૧૨.૦૦, ૬.૦૦, ૯.૦૦

### સૂર્યા, વાવોલ

હોન્ટેડ હાઉસ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
ટ્રેડ એક જંગ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

## આપની આજ

**મેષ** : આજે વ્યાપાર-વ્યવસાયમાં કાર્યક્ષેત્રનો વિકાસ અને વ્યાપારિક મુશ્કેલીઓ દૂર થઈ શકશે. આવક કરતાં ખર્ચમાં વધારો ન થાય તેની કાળજી રાખવી. કૌટુંબિક વિખવાદોનો અંત આવતો જણાય.

**વૃષભ** : યાત્રા-પ્રવાસનું આયોજન થઈ શકે છે. અટકેલા નાણાં પ્રાપ્ત થવાથી હર્ષ થશે. કૌટુંબિક ચિંતાઓમાંથી બહાર આવી શકશો. વ્યવસાયિક સ્થિતિ સારી રહેવાની સંભાવના છે.

**મિથુન** : જમીન- મકાન સંબંધિત સોદામાં લાભ થવાની સંભાવનાઓ રહેલી છે. કૌટુંબિક જીવનમાં સુખ- સમૃદ્ધિ વધારો થઈ શકે છે. વ્યાપાર- રોજગારક્ષેત્રમાં વિસ્તાર હેતુ પ્રયત્ન વધુ કરવો પડશે.

**કર્ક** : આપ દ્વારા થતા અથાગ પ્રયત્નો કરવા છતાં ઓછો લાભ થઈ શકે છે. નકામો તનાવ, મુશ્કલીઓથી ઘેરાયેલા રહેવાની શકયતાઓ છે. નવા કાર્યો, વિચાર, યોજનામાં વિશેષ સુજાવો લેવા. આર્થિક વિવાદોથી નુકશાન થઈ શકે છે.

**સિંહ** : આજે ઘણા સમયથી અટકેલું કાર્ય પૂર્ણ થવાની સંભાવના છે. નોકરીમાં ઉપરી અધિકારીઓનો સાથ-સહકાર મળી રહેશે. ધર્મમાં આસ્થાનો વધારો થશે. લાભનો માર્ગ મોકળો થઈ શકે છે.

**કન્યા** : ઘેરાયેલી કૌટુંબિક સમસ્યાઓથી આજે સુખમય નિરાકરણ આવશે. વ્યાપારક્ષેત્રમાં આવી પડેલી ચિંતા દુર થઈ શકશે. સંતાનને રોજગારના ક્ષેત્રે ઉન્નતિ મળશે. આવકના નવા સાધનો પ્રાપ્ત થઈ શકે છે.

**તુલા** : ખાનપાનમાં ગડબડીથી પેટમાં તકલીફો ઉભી થઈ શકે છે. શારીરિક સ્વાસ્થ્યનું ખાસ ધ્યાન રાખવું. ઋતુ પ્રમાણે આહાર લેવો વિશેષ યાત્રા-પ્રવાસનો યોગ બની રહ્યો છે.

**વૃશ્ચિક** : કુટુંબિજનો અને મિત્રોનો સાથ-સહકાર મળવાથી કાર્યમાં પ્રગતિ પ્રાપ્ત થઈ શકશે. આર્થિક લાભની તક આવીને ઉભી રહેશે. તમારા કાર્યોની પ્રસંશા થશે. ઋણથી મુકત થશો.

**ધન** : આપની મિલનસારિતા અને ધૈર્ય તમને સમાજ અને પરિવારમાં આદરમાન અપાવશે. માન- સન્માનમાં વધારો થઈ શકશે. વ્યવસાયિક લાભ અને સુખ - સમૃદ્ધિમાં વધારો થઈ શકે છે.

**મકર** : ધર્મ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં ગહન ચિંતનનો યોગ બની રહ્યો છે. વિવાદિત વ્યાપારિક કાર્યોમાં આર્થિક લાભનાં નવા સ્રોત તરફ વિચાર- વિમર્શનો યોગ બની રહ્યો છે.

**કુંભ** : સામાજિક જીવનમાં વિશેષ ઉન્નતિકારક યોગોને કારણે મન પ્રસન્ન રહેશે. જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થશે. ગુસ્સા પર કાબુ રાખવો.

**મીન** : મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થવાનો યોગ બની રહ્યો છે. કુટુંબમાં સારું વાતાવરણ મનને પ્રસન્નતા આપશે. વિરોધીઓથી સાવધાન રહેવું આપને પરેશાન કરી શકે છે.

## ચિરવિદાય

- સ્વ. હેતલબેન અમિતકુમાર સુતરીયા (ઉ.વ. ૨૬) પ્લોટ નં. ૨૨૨/૧, સેકટર-૫/એ, ગાંધીનગર.